ગાંધીનગરસમાચાર

બિન હથિયારધારી PSIની ગાંધીનગરમાં દિક્ષાંત પરેડ

શહેરના ઝાડી વિસ્તારમાં આગ લગાવી પ્રદુષણ ફેલાવાના કિસ્સામાં મહીલા ઝડપાઇ

ગાંધીનગર તા ૧

શહેરના સેકટરોમાં સ્થિત આસપાસના ઝાડી વિસ્તારમાં પાંદડાઓ સાળગાવી પ્રદુષણ ફેલાવાની હરકતોને અટકાવવા માટે વનતંત્ર દ્વારા બીટગાર્ડની ટીમ વોચમાં ગોઠવવામાં આવી છે. આ દરમિયાન ખ માર્ગ પાસે સે-૨૬ની હદમાં પાંદડાનો કચરો સાળગાવવા માટે આગ ચાંપતી મહીલાને વનતંત્રની ટીમે ઝડપી લીધી હતી. વનતંત્ર દ્વારા મહીલા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ હરકત સામે મહીલા પાસેથી દંડની વસુલાત કરવામાં આવશે.

હરિયાળીથી ઘેરાયેલા નગરના વિવિધ સેકટરોમાં ઝાડી વિસ્તારમાં વૃક્ષોના પાંદડાઓના સુકાયેલા કચરાને આગ ચાંપી પ્રદુષણ ફેલાવાના અનેકવાર કિસ્સાઓ ધ્યાને આવે છે.ગઇકાલે જ સેકટર -૧૬ માં કોલેજ સામે સ્થિત ઝાડી વિસ્તારમાં કોઇકે આગ લગાવતા જંગલ વિસ્તારમાં પ્રસરેલી આગને કાબુમાં લેવા માટે ફાયરબ્રિગેડની મદદ લેવી પડી હતી. ઝાડી વિસ્તારમાં ભભુકેલી આગના લીધે ધુમાડાના ગોટા ઉડતા નજરે પડ્યા હતા. જેના પરિણામે સમગ્ર વિસ્તારમાં પ્રદુષણની માત્રા વધી ગઇ હતી. જયારે અન્ય હરિયાળા વૃક્ષોને પણ નુકશાન થયુ હતુ. આવા સંજોગોમાં આ પ્રકારના બનાવા બનતા અટકાવવા માટે વનતંત્ર દ્વારા શહેરના સેકટરોમાં કચરો સળગાવાના ઇરાદે આગ ચાંપતા રહીશો કે અન્ય તત્વોને ઝડપી લેવા માટે બીટ ગાર્ડની વોચ ગોઠવવાનો નિર્ણય લેવાયો હતો. જેના પરિણામે આજે દિવસ દરમિયાન વનતંત્રના ગાર્ડઝે ઝાડી વિસ્તારમાં નિરિક્ષણ કર્યુ હતુ .આ દરમિયાન ખ માર્ગ પર સે-૨૬ નજીક ઝાડીમાં કચરો સળગાવતી મહીલાને બીટગાર્ડની ટીમે ઝડપી લીધી હતી. સુત્રોના જણાંવ્યા મુજબ ઝડપાયેલી મહીલા સામે દંડનીય કાર્યવાહી હાથ ધરાશે જયારે દંડની ચુકવણી નહીં કરવામાં આવે તો પોલીસ ફરિયાદ કરવા સુધીના પગલા લેવાશે.

ગુડા દ્વારા અડાલજ ખાતે નવનિર્મિત પંડિત દિન દયાળ નગરના આવાસોનું લોકાર્પણ

મંત્રી શ્રી ડા. નિર્મલાબેન વાઘવાણી અને ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોરના હસ્તે લોકાર્પણ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજરોજ મુખ્ય મંત્રીશ્રી ગૃહ યોજના અંતર્ગત ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટે રૂ. ૯ કરોડમાંતૈયાર કરવામાં આવેલ પંડિત દિન દયાળ નગરના આવાસોનું લોકાર્પણ જિલ્લા પ્રભારી મંત્રી શ્રી નિર્મલાબેન વાઘવાણી અને વિધાનસભાના ઉપાધ્યાક્ષ શ્રી શંભુજી ઠાકોરના હસ્તે કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત ગુડા વિસ્તારમાં રૂ. ૨ કરોડ જેટલા ખર્ચે તૈયાર થનાર બગીચા અને રૂ. ૨ કરોડના ખર્ચે તૈયાર થનાર ડ્રેનેજ નેટર્વકનું પણ ખાતમૂહૂર્ત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પ્રભારી મંત્રી શ્રીમતી ડા. નિર્મલાબેન વાઘવાણીએ જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઇ પટેલના નેતૃત્વ વાળી સરકારમાં રોડ,રસ્તા, પાણી અને ગટરલાઇનની સુવિધા સાથે રાજયના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. ચાલુ વર્ષના નાણાકીય વર્ષમાં રાજય સરકારે મહિલાઓ માટે અમલી ૬૦૦ જેટલી વિવિધ યોજનાઓ પાછળ રૂ. ૫૬ હજાર કરોડના બજેટની ફાળવણી કરી છે. તે ઉપરાંત આવાસ યોજનાની લોનમાં રાજય સરકારની સહાય યોજના, ડિજિટલ ઇન્ડિયાના નિર્માણ માટે ધોરણ-૧૨ના ૫ લાખ વિદ્યાર્થીઓને રૂ. ૧ હજારમાં અપાનાર ટેબ્લેટ અને રાજયમાં ગૌ હત્યા અને દારૂ બંધીના કડક કરવામાં આવેલા કાયદાઓની વિસ્તૃત વાત કરી હતી.

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે અડાલજનો વિકાસ ગુડાને આભારી છે, તેવું કહીને ગુડા દ્વારા કરવામાં આવેલા વિકાસ કામોની ઝાંખી કરાવી હતી.

ગુડાના ચેરમેન શ્રી આશિષભાઇ દવેએ જણાવ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

યુવા અગ્રણી સત્યદિપસિંહ પરમાર ભાજપ યુવા મોરચાના પ્રદેશ કોષાધ્યક્ષ

પ્રદેશ ટીમમાં સૌથી યુવા હોદ્દેદારો તરીકે નિમણૂંક પામ્યાં

ગાંધીનગર, તા. ૧

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઇ વાઘાણી દ્વારા આગામી વિધાનસભાની ચૂંટણીઓને અનુલક્ષીને પક્ષના સંગઠનનુંનવસર્જન કરાઇ રહ્યું છે. આ નવસર્જન અંતર્ગત આજે પ્રદેશ યુવા મોરચાના વિવિધ પદાધિકારીઓની એક યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ગાંધીનગરના યુવા નેતા સત્યદિપસિંહ પરમારની કામગીરીની નોંધ લઇને તેમને પ્રદેશ કોષાધ્યક્ષની જવાબદારી સોંપવામાં આવી છે. તેઓ આ વખતની પ્રદેશ ટીમના સૌથી યુવા હોદ્દેદાર છે.

સત્યદિપસિંહ પરમાર મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી ગામના વતની છે અને હાલ ગાંધીનગર ખાતે સ્થાયી છે. વ્યવસાયે તાડપત્રીની ફેક્ટરી ધરાવતા સત્યદિપસિંહ પરમાર ૨૭ વર્ષીય યુવાન છે. જેઓ છેલ્લા આઠ વર્ષથી ભાજપમાં સક્રીય કાર્યકર છે. કાર્યકર્તા તરીકે જોડાયેલા સત્યદિપસિંહે ગાંધીનગર યુવા મોરચામાં મહામંત્રી તથા ઉપાધ્યક્ષ તરીકેની જવાબદારી પણ નિભાવી ચુક્યાં છે અને પાર્ટી માટે બુથ કાર્ય સુધી કાર્યરત રહી સંગઠન એકતાનું કાર્ય કર્યું છે. જેના પરિપાકરૂપે તેમની પ્રદેશ કોષાધ્યક્ષ જેવા મહત્વના પદે પસંદગી કરવામાં આવી છે. સત્યદિપસિંહે પાર્ટીમાં સંગઠન એકતા મજબૂત કરવા પોતે કાર્યરત રહેશે તેવું જણાવ્યું હતું.

બિન હથિયારધારી PSIની ગાંધીનગરમાં દિક્ષાંત પરેડ

૩જીએ વૈશ્વિક કક્ષાના ૪૦૦ મીટરના સિન્થેટિક ટ્રેકનું ઉદ્ઘાટન અને ભવ્ય પરેડ

ગાંધીનગર, તા.૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં ગુજરાત પોલીસ અકાદમી કરાઈ, ગાંધીનગર ખાતે સવારે ૮.૩૦ કલાકે તા.૩જી એપ્રિલ-૨૦૧૭ના રોજ ૪૨૧ બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની દિક્ષાંત પરેડ યોજાશે. તદ્ઉપરાંત ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ-૪૦૦ મીટર સિન્થેટીક ટ્રેક, સેન્ટ્રલ ડાઈનીંગ હોલ તેમજ નવા વિદ્યાભવન સંકુલનું ઉદઘાટન પણ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવશે.

આ પ્રસંગે રાજયગૃહ મંત્રી પ્રદિપસિંહ જડેજા પણ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. અન્ને ઉલ્લેખનીય છે કે કરાઈ ખાતે તા. ૦૧.૦૨.૨૦૧૬થી શરૂ થયેલી આ તાલીમમાં ૪૯૫ તાલીમાર્થીઓ જોડાયા હતા. જેમાંથી ૧૫૧ મહિલા અધિકારી તથા ૨૭૦ પુરુષ અધિકારીઓ આ દિક્ષાંત પરેડમાં ભાગ લઈ રહ્યા છે. આ તાલીમમાં ડોકટરે, એન્જિનીયર, અનુસ્નાતક અને સ્નાતક કક્ષા સુધી અભ્યાસ કરેલા યુવાનો યુવક યુવતીઓનો સમાવેશ થાય છે. સમગ્ર તાલીમ દરમિયાન વિવિધ તાલીમોમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર ૧૦ જેટલા તાલીમાર્થીઓને ઈનામ આપી સન્માનિત પણ કરવામાં આવશે. આ દિક્ષાંત પરેડ પ્રસંગે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમએસ ડાગુર તથા રાજય પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી પીપી પાન્ડેય વિશેષ ઉપસ્થિત રહેશે, તેમ નિયામક ગુજરાત પોલીસ અકાદમી કરાઈની યાદીમાં જણાવાયું છે.

ગાંધીનગર તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજ આયોજીત નવમો સમૂહ લગ્ન સમારોહ

આપ સૌના સહયોગથી સતત નવમાં સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ લગ્નોત્સવ માટે યુવક-યુવતીઓના નામ સત્વરે નોંધાવવા હાર્દિક અપીલ કરીએ છીએ...

સમય: તા. ૦૬-૦૫-૨૦૧૭ (શનિવાર)

સ્થળ : અંબાજી માતાના મંદિર પાસે આદરજ મોટી, તા.જી. ગાંધીનગર

વરઘડીયા નોંધણી માટે સંપર્ક

(૧) શ્રી નરેશજી કે.ઠાકોર (એડવોકેટ, ગા.જિ.પં.સદસ્ય) મો. ૯૭૩૭૪૫૩૪૨૫-૮૭૩૫૮૨૩૬૯૫

(૨) શ્રી વિરમજી રવાજી ઠાકોર (મો. ૯૯૨૪૫૦૫૫૯૬)

(૩) શ્રી રાજુજી એસ.ઠાકોર (મો. ૮૧૪૦૪૨૫૪૧૩)

(૪) શ્રી રમેશજી એસ.ઠાકોર (મો.૯૯૧૩૦૮૦૭૨૫)

(૫) શ્રી અરવિંદજી ઠાકોર (મો. ૯૬૨૪૯૨૦૨૫)

કાર્યલય : પુસ્કાલય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સામે, આદરજ મોટી, તા.જી. ગાંધીનગર

ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૦-૦૪-૨૦૧૭

અરવિંદસિંહ અમરસિંહ સોલંકી, પ્રમુખશ્રી, મો. (૯૯૦૬૦૦૧૩૬૯)

મોહતજી બબાજી ઠાકોર, ઉપપ્રમુખશ્રી (મો. ૯૮૭૬૨૩૫૦૬૩)

સેંધાજી શંકરજી ઠાકોર, ચેરમેન સલાહકાર સમિતિ (મો. ૯૮૬૦૬૫૧૬૪૨)

ગોપાળજી ડી.ઠાકોર, કન્વીનર (મો. ૯૮૨૪૫૬૨૧૦૭)

જોઈએ છે

નરોડા જીઆઈડીસી માટે

- એકાઉન્ટન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન-૧ (એમ.કોમ. એકાઉન્ટ, MBA ફાઈનાન્સ)
- લાયબ્રેરીયન - ૧ (ગ્રેજ્યુએટ, અંગ્રેજી જાણકાર)
- રીસેપ્શનીસ્ટ - ૧ (ગ્રેજ્યુએટ, અંગ્રેજી જાણકાર)
- ડેટા ઓપરેટર - ૨ (અંગ્રેજી/ગુજરાતી કોમ્પ્યુ. વર્ક જાણકાર)

સંપર્ક : ૯૭૧૨૯ ૭૫૧૩૬, ૯૮૨૪૨ ૭૧૭૭૬

જોઈએ છે - શિક્ષકો

ગાંધીનગર જિલ્લાની જાણીતી સંસ્થા મહર્ષિ અત્રિ તપોવનમાં B.Sc. B.Ed. ગણિત/વિજ્ઞાન તેમજ અંગ્રેજી B.A. B.Ed. માધ્યમિક તેમજ પ્રાથમિક વિભાગમાં ભણાવી શકે તેવા તથા જૂન-૨૦૧૭થી જોડાઈ શકે તેવા શિક્ષકો

બાયોડેટા સાથે રૂબરૂ મળવું.

તારીખ : ૩,૪,૫, એપ્રિલ- ૨૦૧૭

સમય : સવારે ૯-૦૦ થી ૧૨-૦૦

સ્થળ : મહર્ષિ અત્રિ તપોવન

પેથાપુર-મહુડી રોડ, પીંપળજ, તા.જી. ગાંધીનગર

ફોન નં. : ૦૭૯-૨૩૨ ૭૮૩૨૨

રામનવમીની રજા હવે પમી એપ્રીલે રહેશે

ગાંધીનગર, તા.૧

ગુજરાત સરકારની યાદીમાં જણાવાયું છે કે, રામનવમીની રજા હવે પમી એપ્રીલને બુધવારે રહેશે. જે અગાઉ ૪થી એપ્રીલે જાહેર કરાઈ હતી. આ રજા નેગોશીયેબલ એક્ટ હેઠળ જાહેર કરાઈ છે એટલે બેંકો અને સરકારી કચેરીઓ પમીએ બંધ રહેશે.

જાહેર ખુલાસો

તા. ૧/૪/૨૦૧૭, ગાંધીનગર સમાચારના પેજ નં.૨ પર A.C.ના વેપારી દ્વારા આક્ષેપિત સમાચાર પ્રસિદ્ધ થયા હતા. તેની સામે સત્ય ખુલાસો

અમો ખુલાસો આપનાર દિલીપભાઈ પટેલ અને અનુજ દિલીપભાઈ પટેલનાઓએ વિક્રમસિંગ રાજપુરોહિત સામે સે.૧૧માં આવેલ હોટલ ધ ગ્રાન્ડ મીડવે રેસીડન્સીમાં ભાગીદારીમાં તારીખ ૧૬/૨/૨૦૧૬થી હોટલ શરૂ કરેલ. ત્યારબાદ વિક્રમસિંગ માંગીલાલ રાજપુરોહિત સાતે ધંધામાં ફાવટ ના આવતા તા. ૨૭/૩/૨૦૧૬ના રોજ ભાગીદારી છુટી કરેલી અને આ હોટલ અમો ખુલાશો આપનાર અનુજભાઈ દિલીપભાઈ અને દિલીપભાઈએ વિક્રમસીંગ માંગીલાલ રાજપુરોહિત સાથે રૂ. ૧૦૦ના સ્ટેમ્પ પર નોટરી રૂબરૂ ભાગીદારી કરાર શરતો અને વિગતોને આધારે છુટી કરેલી. જેમાં શરત નંબર-૨માં સ્પષ્ટપણે કબુલ કરેલ છે તે મુજબ તા. ૨૭/૩/૨૦૧૬ના રોજ સુધીના હોટલના દેવા, લેણા, નફો-નુકસાન, માલ-સ્ટોક, ગુડવીલ તથા બીજી સઘળી અસ્કયામતો તથા જવાબદારીઓ વિગેરે તમામ હિસાબો સમજી લીધા છે. **તેમજ ૨૭/3/૨૦૧૬ તારીખે પહેલાના આ હોટલના નાણાંકીય તેમજ જનરલ રીનોવેશન અંગે થયેલ ખર્ચાની તમામ રકમ અમો એક તરફવાલાને એટલે કે અમો ખુલાસો આપનારએ ભાગીદારી છુટી કરનાર વિક્રમસિંગ માંગીલાલ રાજપુરોહિતને તમામ હિસાબકિતાબો પતાવી દીધેલ છે. અને હોટલનું કોઈપણ પ્રકારનું દેવું કે કોઈ વેપારીનો હિસાબ બાકી નીકળે તો તમામ ચુકવવાની જવાબદારી વિક્રમસિંગ માંગીલાલ રાજપુરોહિત એટલે કે કરારના એક તરફવાળાની રહેશે.** તેવું તા. ૨૭/૩/૨૦૧૬એ નક્કી થયેલ છે. જેથી હાલના દિપકમલ ઈલેક્ટ્રીકના પ્રોપરાઈટર અજય ગુમાનું કોઈપણ લેણું અમો ખુલાસો આપનાર પાસે કે હોટલ પાસે લેવાનું નીકળતું નથી. તે આ ખુલાશાથી હોટલના માલિક તરીકે જાહેર જનતાને ખુલાસો આપી ખુલાશો જાહેર કરીએ છીએ. વધુમાં તા. ૨૭/૩/૨૦૧૬થી આ હોટલ અમો ખુલાશો આપનારની ચોખ્ખી બોજા રહિત કે કોઈ વેપારીનો લેણાની જવાબદારી અમારી રહેતી નથી. લાગતા-વળગતાને જાણ સારું.

લિ.

હોટલ ધ ગ્રાન્ડ મીડવે રેસીડન્સી

દિલીપભાઈ પટેલ

અનુજ દિલીપભાઈ પટેલ

ટચુકડી જાહેર ખબર

દર રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગરસમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.

ફોન નંબર : ૦૭૯-૨૩૨૨૦૪૪૦

મ્યુનિસિપલ પ્રોપર્ટી ટેક્ષ

સને વર્ષ ૨૦૧૭-૧૮ મિલકતવેરા ભરવા ઉપર

૧૦% વળતરની યોજના

(૦૧લી એપ્રિલથી ૩૧મી મે - ૨૦૧૭ સુધી જ)

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલકતવેરાની રકમ ઉપર ૧૦% વળતરની પ્રોત્સાહન યોજના લાગુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના હદ-વિસ્તારમાં મિલકત ધરાવનાર મિલકતધારકોએ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ સુધીનો સંપૂર્ણ વેરો ભરપાઈ કરેલ હશે તે જ મિલકતધારકોને નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના મિલકતવેરામાં સામાન્ય કરની રકમ ઉપર ૧૦% વળતર મળશે. આ યોજના તા. ૧/૪/૨૦૧૭ થી ૩૧/૫/૨૦૧૭ સુધી લાગુ રહેશે. પરંતુ ટેકનીકલ કારણોસર વેરા વસુલાત તા. ૩/૪/૨૦૧૭ના રોજથી કરવામાં આવશે.

''બેન્કો, ઓફિસો, દુકાનો, સરકારી અને અર્ધ-સરકારી ઓફિસો, બોર્ડ-નિગમો, ઔદ્યોગિક એકમો, શૈક્ષણિક સંસ્થાઓ, ખાનગી મિલકતોના માલિકો તથા નાના-મોટા સૌ કરદાતાઓ માટે અનેરો અવસર''

વેરો ભરવાના સ્થળ : (૧) ગ્રા. ફ્લોર, બહુમાળી ભવન, સેક્ટર-૧૧
(૨) વિહીકલપુલ, વૉર્ડ ઓફીસ, સેક્ટર-૨૨
(૩) હરતું ફરતુ પુસ્તકાલય (પુસ્તકાલયના સમયપત્રક પ્રમાણે)
(૪) ICICI Bankની બ્રાન્ચ
(૧) ઘ-૪-૧/૨, સેક્ટર-૧૬
(૨) ઈન્ફોસીટી, સેક્ટર-૩૭

- દરેક કરદાતા પોતાનું મિલકત વેરાનું બીલ pdf ફોરમેટમાં www.gmc-egovern.org.in ઉપરથી મેળવી શકશે. તેમજ મિલકતવેરાના નાણાં ઓનલાઈન ભરપાઈ કરી શકશે.
- દરેક કરદાતાએ મિલકતવેરો ભરવા આવતી વખતે અગાઉના વર્ષનું મીલકતવેરાનું બીલ કે નાણાં ભર્યાની પહોંચ અથવા ઓનલાઈન pdf ફોરમેટમાં બીલની નકલ લાવવી ફરજીયાત છે.

તારીખ : ૦૩/૨૦૧૭ **સહી/-**

સ્થળ : ગાંધીનગર **(ડી. એન. મોદી, IAS)**

મ્યુનિસિપલ કમિશનર

માહિતી/૩૧૩૪/૧૬-૧૭ **ગાંધીનગર મહાનગરપાલિકા**

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮, E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર. ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઇંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™

Autoclaved Aerated Concrete Blocks

ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦

sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT, KisaN, ashirvad, BENELAVE, DR. FIXIT, TATA STEEL • PIPES • SHEETS, VINAYAK500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર. ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com